# બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે

# “મારી માટી, મારો દેશ” કાર્યક્રમની ઉજવણી







બં. અ. કૃષિ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ તથા સ્ટાફગણ દ્વારા ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે “આઝાદી કા અમૃત મહોત્સવ” ના અમૃતકાળની સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવી રહી છે. તેને અનુલક્ષીને રાષ્ટ્રવ્યાપી “જન ભાગીદારી” થી “માટીને નમન, વીરોને વંદન” ના સુત્ર સાથે રાષ્ટ્રની અનેક સિદ્ધિઓની ઝાંખી કરીને “મારી માટી, મારો દેશ” કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો. દેશની શાન માટે શહિદ થયેલા વીરોની યશગાથા દર્શાવતો આ કાર્યક્રમ વીરોની સ્મૃતિ તાજી કરે છે કે જેમણે આપણી શાનદાર આવતી કાલ માટે બલિદાન આપ્યુ.

આ કાર્યક્રમમાં ડૉ. વાય એમ શુક્લ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ; ડૉ. એમ. જે. પટેલ, પ્રાધ્યાપક અને વડા, બાગાયત વિભાગ; ડૉ. એન. એમ. ગોહેલ, ચેરમેન, એસ.આર.સી.; ડૉ. નિખિલ જોશી, પ્રોગ્રામ ઓફિસર, એન.એસ.એસ.; ડૉ. જી. એન. મોટકા, કો-ચેરમેન, એસ.આર.સી તેમજ મહાવિદ્યાલયના અધ્યાપકગણ અને એન.એસ.એસ. વોલેન્ટિયર વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો સદર ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમની શરૂઆતમાં બાગાયત વિભાગના સહયોગથી ચંપાની જુદીજુદી ૧૮ જાતોનું વૃક્ષારોપણ ઉપસ્થિત મહાનુભાવો તેમજ વિદ્યાર્થીઓના હસ્તે કરવામાં આવેલ. ત્યાર બાદ ઉપસ્થિત દરેકે માટી હાથમાં લઇ “પંચ પ્રણ પ્રતિજ્ઞા” લીધેલ હતી. ડૉ. એન. એમ. ગોહેલ, ચેરમેન, એસ.આર.સી. દ્વારા સામૂહિક “પંચ પ્રણ પ્રતિજ્ઞા” પણ લેવડાવામાં આવેલ હતી. આ વીરોને અને તેમના બલિદાનોને યાદ કરી, દેશભક્તિના ગીતો સાથે સાચી શ્રધ્ધાંજલી આપવામાં આવી.

જય હિંદ






National Service Scheme
B. A. College of Agriculture
Anand Agricultural University, Anand

